BUSINESS મિત્ર

સેન્સેક્સમાં તળિયેથી થોડી રિકવરી છતાં રોકાણકારોના 2.76 લાખ કરોડ રૂપિયા ડુબી ગયા

ક્રૂડના ભડકે શેરબજાર ખાડેઃ સેન્સેક્સ 374 પોઇન્ટ તૂટ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 2: અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એકવાર યુદ્ધ વધુ ગંભીર બન્યો ત્યારે ક્રુડ ઓઈલ ઉકળ્યું અને આ બંનેએ મળીને વિશ્વભરમાં ખળભળાટ મચાવ્યો હતો. જોકે, બપોર બાદ ક્રુડ ઓઈલના ઉછળેલા ભાવમાં નજીવો પ્રત્યાઘાતી ઘટાડો થતા રીકવરી જોવા મળી હતી, જેના પગલે ભારતીય શેરબજારમાં ઘટાડાથી રીકવર થયો હતો, પણ લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

સેકટર વાઈઝ જોઈએ તો આઈટી સેકટરનું દબાણ કર્યું તે રીકવર થઈ શકયું નહીં. ઓટો સેકટરમાં વેચવાલી રહી હતી. પ્રાઈવેટ બેન્ક શેરો પણ નબળા પડ્યા હતા. જ્યારે પીએસયુ બેન્ક, રિયલ્ટી અને ઓઈલ એન્ડ ગેસ શેરોમાં સુધારો જોવાયો હતો. જેના લીધે બીએસઈ માર્કેટ કેપ 2.76 લાખ કરોડ રૂપિયાથી વધુનો ઘટાડો થયો છે.

બીએસઈ સેન્સેક્સ 373.93 પોઈન્ટ એટલે કે 0.49 ટકા ઘટીને 76570.35 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 76570 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76135 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 24000 પોઈન્ટની સપાટી તોડી હતી. નિફ્ટી 141.35 પોઈન્ટ એટલે કે 0.59 ટકા ઘટીને 23914.45 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23914 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23786 પોઈન્ટ સુધી ઘટી હતી. આમ, આજે નિફ્ટીએ ઈન્ટ્રાડેમાં 23800 પોઈન્ટની સપાટી તોડી હતી. બેન્ક નિફ્ટી 237.60 પોઈન્ટ એટલે કે 0.41 ટકા ઘટીને 57172 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે હેવલ્સ ઈન્ડિયામાં 7.74 ગણા, ભારત ફોર્જમાં 6.11 ગણા, ભારત ફોર્જમાં 6.11 ગણા, ઈન્ફોસીસમાં 4.49 ગણા, ઈન્ટરગ્લોબમાં 4.33 ગણા અને આઈએફસીઆઈમાં 3.85 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે આઈએફસીઆઈમાં 6.51 ગણા, નુવામા વેલ્થમાં 5.43 ગણા, પોલી મેડીક્યોરમાં 4.82 ગણા, યુટીઆઈ એએમસીમાં 4.74 ગણા અને ન્યુ ઈન્ડિયા એન્સ્યોરેન્સમાં 4.46 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ વેચવાલીના દબાણના પગલે નરમાઈ જોવા મળી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.55 ટકા અને સ્મોલકેપ ઈન્ડેકસ 0.51 ટકા ઘટ્યા હતા. બીએસઈનું માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઈ ખાતે 1922 શેરો વધ્યા હતા, જ્યારે 2419 શેરો ઘટ્યા હતા અને 243 શેરો યથાવત રહ્યા હતા.

કોમોડિટીઝ બજારમાં નવેમ્બર 2026ના સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 95.13 ડોલર પર પહોંચી ગયો હતો.

નિફ્ટી ઓટો ઈન્ડેકસ 1.79 ટકા ઘટ્યો હતો. જેમાં હીરો મોટોકોર્પ, આઈશર મોટર્સ, સોના બીએલડબલ્યુ પ્રીસિસન, બોશ, યુનો મિન્ડા, ટયુબ ઈન્વેસ્ટમેન્ટ, એકસાઈડ ઈન્ડ., બજાજ ઓટો, મહિન્દ્રા-મહિન્દ્રા અને અશોક લેલેન્ડ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં નરમાઈ જોવા મળી હતી. જ્યારે મોટા ભાગના એશિયન બજારો આજે પણ લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. કેમ કે અવિરત વૈશ્વિક બોન્ડ માર્કેટના રૂટને કારણે પ્રવાહિતા અને શેરના મુલ્યાંકન નબળું પાડવાનું ચાલુ રાખ્યું હતું. યુએસ-ઈરાન દુશ્મનાવટને કારણે ક્રુડ ઓઈલના ભાવમાં વધારો થયો હતો અને ફુગાવો અને વૈશ્વિક વૃદ્ધિ દરની ટકાઉપણુ અંગે ચિંતા વધી હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.62 ટકા, કેક 0.67 ટકા અને ડેક્સ 0.53 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 2.71 ટકા, હેંગસેંગ 0.24 ટકા, તાઈવાન 1.70 ટકા, કોસ્પી 4.16 ટકા, જકાર્તામાં 0.06 ટકા અને શાંઘાઈ 0.98 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.59 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયો બેઉતરફી વધઘટે સપાટ રહ્યો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયામાં બેઉતરફી વધઘટ સાથે છેલ્લે સપાટ બંધ રહ્યા હતા. આજે ડોલરની સામે રૂપિયો એક પૈસો ઘટીને 94.97ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.96ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 110.43, પાઉન્ડ 128.33, કેનેડિયન ડોલર 68.32, ઓસ્ટ્રેલિયન ડોલર 67.42, જાપાનીઝ યેન 0.5949 અને સીંગાપોર ડોલર 74.77ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	94.37 રૂ.
યુરો	110.43 રૂ.
પાઉન્ડ	128.33 રૂ.
યેન	0.5948 રૂ.

સેન્સેક્સ	-373.93	76570.35
નિફ્ટી	-141.35	23914.45
બેન્ક નિફ્ટી	-237.60	57172.00

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
કોલ ઇન્ડિયા	4.05	417.85
અદાણી પોર્ટસ	1.53	1672.70
અદાણી એન્ટર	0.97	2891.80
બજાજ ફિનસર્વ	0.91	1990.00
ટીએમપીવી	0.89	312.75

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
આઇસર મોટર્સ	3.24	7711.50
વિપ્રો	2.54	177.09
મહિન્દ્રા-મહિન્દ્રા	2.12	3190.00
બજાજ ઓટો	1.87	12130.00
એશિયન પેઇન્ટસ	1.86	2527.50

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી પોર્ટસ	1.63	1672.90
બજાજ ફિનસર્વ	1.02	1990.00
પાવરગ્રીડ	1.00	267.50
એનટીપીસી	0.96	330.15
ટાઇટન કંપની	0.70	5070.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એશિયન પેઇન્ટસ	1.61	2526.70
મહિન્દ્રા-મહિન્દ્રા	1.56	3191.80
એચડીએફસી બેન્ક	1.56	700.95
એચસીએલ ટેકનો	1.49	1330.90
ભારત ઇલે.	1.33	405.50

BSEના શેરમાં 4%નો કડાકો

CAS સેશન બાદ ટ્રેડિંગ વોલ્યુમ ઘટતા અને બ્રોકરેજીસે ટાર્ગેટ પ્રાઇઝ ઘટાડી રૂ. 4,025 કરતા રોકાણકારોમાં ચિંતા

મુંબઇ, તા. 2: બીએસઇના શેરમાં આજે ઘટાડો જોવાયો હતો, જે ઉપલા સ્તરથી 4 ટકા સુધી ઘટ્યો હતો, જેની પાછળનું મુખ્ય કારણ બીએસઇ મનેજમેન્ટનું એક નિવેદન છે. મુંબઇ સ્ટોક એકસચેન્જે કહ્યું છે કે, કલોઝિંગ ઓકશન સેશન શરૂ થયા બાદ વોલ્યુમમાં ઘટાડો થયો છે.

બીએસઇના મેનેજમેન્ટે વાતચીતમાં જણાવ્યું હતું કે, સીએએસના કારણે એચએફટી, પ્રોપ્રાઇટરી, રિટેલ ટ્રેડર્સની ભાગીદારી ઘટી છે. સીએએસ પછી સહભાગિતા વધારવી મહત્વપુર્ણ છે. આજે બીએસઇના શેરનો ભાવ રૂ. 3252ની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો, જે બપોરે 3 ટકા ઘટીને રૂ. 3144ના સ્તરે બંધ રહી હતી.

બીએસઇ મેનેજમેન્ટના નિવેદનની અસર તેના શેર પર પણ પડી હતી કે એનએસઇના શેરોને તેના પોતાના પ્લેટફોર્મ વેપાર કરવાની મંજુરી આપી શકાય છે.

અહેવાલો અનુસાર, બીએસઇમાં લિસ્ટેડ થયા પછી એનએસઇના શેરનો ટ્રેડ પરમિટ ટુ ટ્રેડ કેટેગરી દ્વારા તેમના પોતાના એકસચેન્જ પર થઇ શકે છે.

બ્રોકરેજ હાઉસીસનું માનવું છે કે, એનએસઇના આ પગલાથી નાણાકીય વર્ષ 2027માં બીએસઇની કમાણી પર લગભગ 1થી 2 ટકાનો પ્રભાવ પડી શકે છે. આ અંદાજ એક એનાલિસીસ પર આધારિત છે, જેમાં એવું માનવામાં આવ્યું છે કે કેશ માર્કેટનો હિસ્સો વધુ વધશે નહીં.

નુવામા અને જેફરીઝે બીએસઇ શેરો પરના તેમના દ્રષ્ટિકોણને ડાઉનગ્રેડ કર્યો છે. આમ, બીએસઇનો 12 મહિનાની ટાર્ગેટ પ્રાઇસ રૂ. 4850થી ઘટાડીને રૂ. 4025 કરી દીધી છે. જોકે, તેણે આ શેર પરનું બાય રેટિંગ જાળવી રાખ્યું છે.

સીએએસ 3 ઓગસ્ટથી શરૂ થયું હતું. તે વ્યવસાયના અંતે એક એક સંક્ષિપ્ત હરાજી છે, જેમાં શેરની બંધ કિંમત નક્કી કરવા માટે ખરીદ અને વેચાણના ઓર્ડર મેળ ખાય છે.

આ સીસ્ટમનો ઉપયોગ અન્ય એશિયન બજારોમાં શેરની બંધ કિંમત નક્કી કરવા માટે થાય છે. આમાં, ચીન, તાઇવાન, હોંગકોંગ અને દક્ષિણ કોરિયાના બજારોનો સમાવેશ થાય છે.

સોનામાં સતત છઠ્ઠા દિવસે પીછેહઠ, ચાંદીમાં 5,000નો તીવ્ર કડાકો

નવી દિલ્હી, તા. ૨ (પીટીઆઈ) વૈશ્વિક બજારોમાં મંદીના વલણને પગલે બુધવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ સતત છઠ્ઠા સત્રમાં ઘટીને રૂ. ૨,૧૦૦ના ઘટાડા સાથે રૂ. ૧.૫૬ લાખ પ્રતિ ૧૦ ગ્રામ થયા હતા.

૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતી આ કિંમતી ધાતુ મંગળવારના બંધ સ્તર રૂ. ૧,૫૮,૨૦૦ પ્રતિ ૧૦ ગ્રામથી રૂ. ૨,૧૦૦ ઘટીને લગભગ ત્રણ સપ્તાહના નીચલા સ્તરે રૂ. ૧,૫૬,૧૦૦ પ્રતિ ૧૦ ગ્રામ (તમામ કરવેરા સહિત) પર પહોંચી હતી. આ ધાતુમાં છેલ્લા છ ટ્રેડિંગ સત્રોમાં ૨૫ ઓગસ્ટે નોંધાયેલા રૂ. ૧,૬૭,૧૦૦થી રૂ. ૧૧,૦૦૦નો ઘટાડો થયો છે. સોનું છેલ્લે ૧૪ ઓગસ્ટે વર્તમાન સ્તરની આસપાસ જોવા મળ્યું હતું, જ્યારે તેનો ભાવ રૂ. ૧,૫૬,૨૦૦ પ્રતિ ૧૦ ગ્રામ હતો. એચડીએફસી સિક્યોરિટીઝના કમોડિટીઝના સિનિયર એનાલિસ્ટ સૌમિલ ગાંધીએ જણાવ્યું હતું કે, "બુધવારે કિંમતી ધાતુઓ ભારે વેચવાલીના દબાણ હેઠળ રહી હતી, જેમાં સ્પોટ સોનું ઘટીને ત્રણ સપ્તાહથી વધુ સમયના નીચલા સ્તરે પહોંચી ગયું હતું."

ચાંદી પણ સતત બીજા દિવસે ઘટીને રૂ. ૫,૦૦૦ના ઘટાડા સાથે બે સપ્તાહના નીચલા સ્તરે રૂ. ૨,૩૫,૫૦૦ પ્રતિ કિલોગ્રામ (તમામ કરવેરા સહિત) પર આવી ગઈ હતી.

સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર, સફેદ ધાતુ અગાઉના સત્રમાં રૂ. ૨,૪૦,૫૦૦ પ્રતિ કિલો પર બંધ થઈ હતી. ચોઈસ બ્રોકિંગના ટેક્નિકલ રિસર્ચના કમોડિટી અને કરન્સી એનાલિસ્ટ આમિર મકડાએ જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયા સંઘર્ષમાં વધારાને કારણે ક્રૂડ તેલના ભાવ વધ્યા છે અને ફુગાવા તથા વ્યાજદરમાં વધારાની આશંકા પેદા થઈ છે, જેણે ચાંદી પર દબાણ વધાર્યું છે.

એનએસઈ આઈપીઓના પગલે આઈએફસીઆઈ-ન્યુ ઈન્ડિયા એશ્યોરેન્સના શેર પણ ઉછળ્યા

સપ્ટેમ્બરમાં ભારતનો સૌથી મોટો રૂ.31,500 કરોડનો આઈપીઓ આવવાની અટકળો વચ્ચે હિસ્સાદાર કંપનીઓમાં ભારે લેવાલી, SBI પણ હિસ્સો વેચશે

મુંબઈ, તા. 2: ન્યુ ઈન્ડિયા એશ્યોરેન્સ કંપની અને આઈએફસીઆઈના શેર આજે ખુલતાની સાથે જ ઉછાળો આવ્યો હતો. જેનું કારણ એ ચર્ચા છે કે એનએસઈ આઈપીઓનું ભરણું આ મહિનામાં આવશે. આ સમાચારની પાછળ આ બંને કંપનીના શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો. એનએસઈનો આઈપીઓ સપ્ટેમ્બરમાં લોન્ચ થઈ શકે છે. જોકે, આ સમાચારથી હજુય સુધી પુષ્ટિ થઈ નથી.

એનએસઈના આઈપીઓ આ મહિને આવવાના અહેવાલ બાદ એનએસઈમાં હિસ્સો ધરાવતી કંપનીઓના શેરમાં મોટાપાયે ખરીદી થઈ હતી. આઈએફસીઆઈનો શેર 10 ટકાથી વધુ ઉછળીને રૂ. 96 અને ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરેન્સ 6 ટકા ઉછળીને રૂ. 197ની આસપાસ બોલાતો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, આઈએફસીઆઈનો એનએસઈમાં 4.4 ટકા હિસ્સો ધરાવે છે. જયારે ન્યુ ઈન્ડિયા એશ્યોરેન્સનો એનએસઈમાં 1.42 ટકા હિસ્સો ધરાવે છે. જોકે, એનએસઈના આઈપીઓમાં એસબીઆઈ અને પેટા કંપની એસબીઆઈ કેપિટલ રૂ. 30000 કરોડના આઈપીઓમાં એક ટકા હિસ્સો વેચવાની યોજના ધરાવે છે. એસબીઆઈના ચેરમેન સીએમ શેટ્ટીએ એક ઈન્ટરન્યૂમાં કહ્યું હતું કે, એસબીઆઈ એનએસઈ આઈપીઓમાં ભાગ લેશે. જોકે, એસબીઆઈનો એનએસઈમાં 3.23 ટકા હિસ્સો છે. જ્યારે એસબીઆઈ કેપિટલ માર્કેટસનો એનએસઈમાં 4.33 ટકા હિસ્સો છે.

બ્લુમબર્ગના સમચાર અનુસાર એનએસઈએ સંભવિત રોકાણકારો સાથેની બેઠકોમાં તેના શેર રૂ. 2000-2100 પ્રતિ શેરના ભાવે વેચાઈ દીધા છે. માર્કેટ કેપિટલાઈઝેશનની દ્રષ્ટિએ એનએસઈ વિશ્વનું છઠ્ઠું સૌથી મોટું એકસચેન્જ હશે. આસરે 55 અબજ ડોલરના મુલ્ય સાથે જો એનએસઈ આઈપીઓમાં 6 ટકા હિસ્સો વેચે છે, તો ઈશ્યૂની સાઈઝ રૂ. 31500 કોરડ હોઈ શકે છે. જે હુન્ડાઈ મોટર ઈન્ડિયાના રૂ. 27870 કરોડના આઈપીઓ કરતા વધારે છે. હુન્ડાઈનો આઈપીઓ 2024માં આવ્યો હતો. આ દેશનો સૌથી મોટો આઈપીઓ છે.

એનએસઈ બીએસઈ સાથે સ્પર્ધા કરે છે. બીએસઈ એશિયનાનું સૌથી જુનુ એકસચેન્જ છે, પરંતુ ટ્રેડિંગ વોલ્યુમની દ્રષ્ટિએ તે એનએસઈ કરતા ઘણો પાછળ છે. બીએસઈના શેર પહેલાથી જ એનએસઈ પર સુચિબદ્ધ છે. બીએસઈના શેરમાં દબાણ જોવા મળ્યું હતું.

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૭૨૪૦
તેજાબી સોનું	૧૫૭૧૫૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૯૩૮૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૫૪૧૦૦
સોનાનાં બિસ્કીટ	૧૫૭૨૪૦૦
ચાંદી (૯૯૯)	૨૩૮૭૦૦
ચાંદી સિક્કા	૨૪૦૨૦૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૮૦૦
એમ-૩૦	૫૮૦૦
એસ-૩૦	૫૭૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૫૦૦
એસ-૩૦	૫૪૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફલાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ દીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૪૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૮૦.૫	૫૦/૩૬ ''	૧૪૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૬૭
૩૦/૩૬ એફડી	૨૮૬	૫૦/૪૮ SD/ક્રેપ	૨૫૯	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૨
૬૨/૩૬ ક્રિમ્પ	૧૫૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૫૩	૩૦/૧૪ ક્રિમ્પ	૨૦૫.૨૫
૬૮/૩૬	૧૫૬.૫	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૬૦.૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૫૪.૫	૧૦૦ ટેક્ષ	૧૫૨	૬૮ ક્રિમ્પ	૧૫૯
૯૦/૩૬ ક્રિમ્પ	૧૫૧.૫	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૫૬
૮૪/૪૮ ક્રિમ્પ	૧૫૨.૫	૮૦/૭૨ રોટો	૧૬૦.૫	૭૫ ક્રિમ્પ	૧૫૪
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૬૭	૮૦ ક્રિમ્પ	૧૫૪
૮૦/૭૨ રોટો.	૧૫૯.૭૫	૧૬૦ ડીસ્કેટ	૧૬૭	૮૦/૭૨ રોટો	૧૬૦
૮૦/૩૬ રોટો.	૧૫૮.૭૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૪.૨૫	૮૦/૧૦૮ ''	૧૬૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૫૯

તહેવારોની મોસમ પૂર્વે ભારતમાં ખાદ્યતેલની આયાતમાં મોટો ઉછાળો

ખાદ્ય તેલની આયાત 4 ટકા વધીને 1.54 મિલિયન ટન, 11 મહિનાની ઉંચી સપાટીએ

સોયાતેલની આયાત રેકોર્ડ સપાટીએ, પામ તેલ 6 મહિનાની ટોચે

મુંબઈ, તા. 2: તહેવારો નજીક આવતા ભારતમાંથી તેલની આયતમાં વધારો નોંધાયો છે. ઓગસ્ટમાં સોયાતેલની આયાત રેકોર્ડ સપાટીએ જ્યારે પામ તેલની આયાત છ મહિનાની ટોચ પર પહોંચી છે. તહેવારોની મોસમ પહેલા સ્ટોક કરવાના હેતુથી આયાત વધી હોવાનું ડિલરો જણાવી રહ્યા છે.

સોયાતેલની આયાત મહિના-દર-મહિનાની સરખામણીમાં 21 ટકા વધીને રેકોર્ડ 601,000 ટન થઈ, જ્યારે સૂર્યમુખી તેલની શિપમેન્ટ 38 ટકા ઘટીને છ મહિનાની નીચી સપાટી 157,000 ટને પહોંચી હતી.

પામ તેલ અને સોયાતેલના વધુ શિપમેન્ટને કારણે ખાદ્ય તેલની આયાત 4 ટકા વધીને 1.54 મિલિયન ટનની 11 મહિનાની ઊંચી સપાટીએ પહોંચી હતી. આ આંકડામાં પડોશી દેશ નેપાળથી જમીન માર્ગે આવતા ડ્યુટી-ફ્રી શિપમેન્ટનો સમાવેશ થતો નથી.

ઓગસ્ટમાં નેપાળથી લગભગ 100,000 ટન ખાદ્ય તેલની આયાત કરવામાં આવી હતી, જેમાં 90,000 ટન સોયાતેલનો સમાવેશ થાય છે. સોલવન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા સપ્ટેમ્બરના મધ્ય સુધીમાં ઓગસ્ટ આયાત ડેટા પ્રકાશિત કરશે.

વિશ્વના સૌથી મોટા વનસ્પતિ તેલ આયાતકાર દ્વારા પામ તેલ અને સોયાતેલની ખરીદીમાં વધારો થવાથી ટોચના ઉત્પાદકો ઈન્ડોનેશિયા, મલેશિયા અને આર્જેન્ટિનાને સ્ટોક ઘટાડવામાં મદદ મળી શકે છે અને બેન્ચમાર્ક પામ તેલ અને સોયાતેલના વાયદાને ટેકો મળી શકે છે.

ડીલરોના સરેરાશ અંદાજ મુજબ, ઓગસ્ટમાં ભારતની પામ તેલની આયાત એક મહિના અગાઉની સરખામણીમાં 7 ટકા વધીને 780,000 મેટ્રિક ટન થઈ ગઈ છે.

ભારતનું યુપીઆઈ પેમેન્ટ 11 દેશોમાં પહોંચ્યું

માલદીવ અને ગ્રીસ જોડાતા ક્રોસ-બોર્ડર પેમેન્ટ્સ સરળ બન્યા

દેશમાં છેલ્લા એક દાયકામાં યુપીઆઈના ઉપયોગમાં 12000 ગણો વધારો

મુંબઈ, તા. 2: ભારતમાં તો UPI પેમેન્ટ માટે મહત્વનું છે જ પરંતુ તેનો વ્યાપ વધતો જાય છે અને તે અન્ય દેશોમાં પણ પહોંચ્યું છે. અન્ય દેશો આ ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં જોડાવાથી ભારતીય માટે વિદેશમાં પેમેન્ટ કરવું સરળ બન્યું છે.

જે ભારતની ડિજિટલ પેમેન્ટની લોકપ્રિયતા દર્શાવે છે. હવે તેની ઈન્ટરનેશનલ પહોંચ 11 દેશો સુધી પહોંચી છે. ગ્રીસ અને માલદીવ તેમાં જોડાતા તેનું વિસ્તરણ ખાસ બન્યું છે. દેશમાં છેલ્લા એક દાયકામાં યુપીઆઈના ઉપયોગમાં 12000 ગણો વધારો થયો છે.

ભારતમાં UPI છેલ્લા કેટલાક વર્ષોમાં લોકોના રોજની જિંદગીનો હિસ્સો બની ગયો છે. શાક માર્કેટથી લઈને ઓનલાઈન ખરીદી મહત્વની ચૂકવણીઓ તમામ માટે થોડીક સેકન્ડમાં પેમેન્ટ કરવાની સુવિધાએ ડિજિટલ પેમેન્ટને ઘણું સરળ બનાવ્યું છે.

એક અહેવાલ પ્રમાણે બીજા દેશોમાં પણ લોકો તેને પેમેન્ટ માટે વાપરી રહ્યા છે. તેમજ 2025માં દુનિયાભરમાં થયેલા રિયલ ટાઈમ પેમેન્ટમાં UPIની હિસ્સેદારી 49 ટકા છે.

UPI હવે ભારત ઉપરાંત 11 દેશોમાં ક્રોસ-બોર્ડર પેમેન્ટની ફેસિલિટી આપી રહી છે. ભૂતાન, નેપાળ, સિંગાપોર, યુએઈ અને ફ્રાન્સ સાથે શ્રીલંકા, મોરિશસ,, કતર, કંબોડિયા, ગ્રીસ અને માલદીવ પણ આ યાદીમાં સામેલ છે. ગ્રીસ અને માલદીવ તાજેતરમાં જ યુપીએ સાથે જોડાયા છે.

જાપાન ક્રેડિટ રેટિંગ એજન્સીએ ભારતનું રેટિંગ અપગ્રેડ કર્યું

મજબૂત જીડીપી ગ્રોથ, ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને બેન્કિંગ ક્ષેત્રના સુધારાને પગલે જેસીઆર દ્વારા ભારત પર ભરોસો વ્યક્ત કરાયો

નવી દિલ્હી, તા. 2: આર્થિક મોરચે દેશ માટે એક સારા સમાચાર છે. જાપાન ક્રેડિટ રેટિંગ (જેસીઆર) એજન્સીએ ભારતના 'ફોરેન કરન્સી લોંગ-ટર્મ ઇશ્યૂઅર રેટિંગ' અને 'લોકલ કરન્સી લોંગ-ટર્મ ઇશ્યૂઅર રેટિંગ' ને 'બીબીબી+' થી અપગ્રેડ કરીને 'એ-સ્ટેબલ' કર્યું છે. એજન્સીએ આનું મુખ્ય કારણ અર્થતંત્રની ઝડપી ગતિ તરીકે ટાંક્યું છે.

જેસીઆરએ પોતાની નોંધમાં જણાવ્યું હતું કે ભારતનો આર્થિક વિકાસ દર 7 ટકાના ઉચ્ચ સ્તરે છે. તેને ખાનગી વપરાશ અને સરકારી રોકાણ દ્વારા મજબૂત ટેકો આપવામાં આવી રહ્યો છે. ભારત સરકારની નીતિઓ પણ આર્થિક વિકાસમાં સતત મદદ કરી રહી છે. આમાં ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ અને જીએસટીના અમલીકરણનો સમાવેશ થાય છે. આ પગલાઓએ દેશના આર્થિક આધારને પહેલા કરતા ઘણો વધુ મજબૂત બનાવ્યો છે. જેસીઆરના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ 2026માં ભારતની અર્થવ્યવસ્થા 7.7 ટકાના દરે વૃદ્ધિ પામી હતી. નાણાકીય વર્ષ 2027માં તે 6 ટકાથી વધુના ઝડપી દરે વૃદ્ધિ પામવાનો અંદાજ છે. તેને આવકવેરા અને જીએસટીમાં ઘટાડો દ્વારા ટેકો આપવામાં આવી રહ્યો છે. જો કે, મીડલ ઈસ્ટમાં તણાવ વધવાને કારણે ખાદ્ય ઉત્પાદનોના ભાવમાં વધારો થયો છે, જેના કારણે ફુગાવામાં થોડો વધારો થયો છે, પરંતુ તે હજી પણ આરબીઆઈના લક્ષ્યમાં છે.

નોટમાં દેશના બેન્કિંગ સેક્ટરની પ્રશંસા કરતા જેસીઆરે કહ્યું હતું કે ભારતનું બેન્કિંગ સેક્ટર મજબૂત સ્થિતિમાં છે. નોન-પરફોર્મિંગ લોન રેશિયો 2 ટકાથી નીચે ગયો છે. આનું મુખ્ય કારણ આરબીઆઈની કડક દેખરેખ અને નવા ઈન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડનો અમલ છે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

આંખોની બીમારી

કોઈ એક બિમારી નથી નહીંતર નિષ્ણાતની જરૂર ના રહેતી. આંખ મહામૂલી ભેટ છે. સૌરાષ્ટ્રમાં રાજુલા સ્થિત કલ્યાણ મંડળ દર વર્ષે અસંખ્ય પડીકી વિના મૂલ્ય વિતરણ કરે છે. પ્રયોગ જુઓ. આરસની ખરલમાં મેજેન્ટા ક્રિસ્ટલ 15 ગ્રામ લઈ, એક કલાક ઘૂંટવો. તેમાં 50 ગ્રામ ઝીંક ઓક્ષાઈડ ભેળવી પંદર મિનિટ ઘૂંટવાનું છે. આ મિશ્રણ એક મોટી સ્વચ્છ પિત્તળ થાળમાં બીજા ચારસો ગ્રામ ઝીંક ઓક્ષાઈડ સાથે ભેળવી, ફરી ઘૂંટી બાટલીમાં ભરી લેવું. તેમાંથી મગના દાણા જેટલી ભૂકી, ગાયના દૂધમાં ઘૂંટી રોજ આંજવાથી આંખોની લાલાશ, ગરમી, પાણી ઝરણું મટે છે. અમે આ પ્રયોગની જરાયે ભલામણ કરતાં નથી . હેતુ ફક્ત સંશોધન બીજ સંશોધકો સુધી પહોંચાડવાનો છે. આંખ મોંઘુ રતન છે. જાતે પ્રયોગ કરવો નહીં.

સુડોકુ

૨૬૯૬, 'ક્રુતિ'

3		૮					૪	૫
			3	૫		૧		
૧	૬		૮			3	૨	
	3	૯	૧					
૭	૮				૪			
૪				૯		૮		૧
	૫				૧	૨		૬
	૧	3			૫			૪
૮		૨	૬			૫	૧	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.